# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका    Bajkhedawal Patrika


વર્ષ : ૧૨    ૨૦૧૮ : જાન્યુઆરી

અંક : ૧    આજીવન : રૂ. ૬૦૦/–


**: તંત્રી :**


*શ્રી અશ્વીનભાઈ સી. દવે*

ખેડાવાળ મહોલ્લો, વસો. (મો.) ૯૯૯૮૦૦૫૨૯૯


**: પ્રકાશક :**


**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ.), અમદાવાદ–૮.

ટેલીફોન નંબર : ૨૨૭૨૦૩૯૩,

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના
## વિશિષ્ટ સહાય ફંડના દાતાશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્વ. ગીતાબેન બાલેન્દુભાઈ ભટ્ટની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી બાલેન્દુભાઈ હીરાલાલ ભટ્ટ તરફથી | વડોદરા | રૂ. ૧૫૫૧/– |
| ૨. | સ્વ. બાળાબેન ગંગારામ પંડ્યાની સ્મૃતિમાં<br>હસ્તે નરેન્દ્રભાઈ ગંગારામ પંડ્યા તરફથી | અમદાવાદ | રૂ. ૧૫૫૧/– |
| ૩. | કુમુદબેન હરિહરભાઈ ભટ્ટની સ્મૃતિમાં<br>હસ્તે હરિહરભાઈ ભૂપતરાય ભટ્ટ તરફથી | અમદાવાદ | રૂ. ૧,૦૦,૦૦૦/– |
| ૪. | ભરતભાઈ મનુભાઈ શુક્લ | ભરૂચ | રૂ. ૨૦૦૦/– |
| ૫. | અ.નિ. સુમનબેન રમણલાલ દવે<br>હસ્તે હર્ષ શૈલેષભાઈ દવે | ભરૂચ | રૂ. ૨૫૦૦/– |
| ૬. | અ.નિ. રમણલાલ કેશવલાલ દવે<br>હસ્તે હર્ષ શૈલેષભાઈ દવે | ભરૂચ | રૂ. ૨૫૦૦/– |
| ૭. | અંજનાબેન મનોજભાઈ શેલતના સ્મરણાર્થે<br>હસ્તે. રીતેષ, બિનલ, પ્થ્વી, પુનમ | | રૂ. ૨૨૨૨/– |
| ૮. | સ્વ. પ્રણવ અનિલભાઈ દવેની સ્મૃતિમાં<br>હસ્તે અનિલભાઈ અંબાલાલ દવે તરફથી | આણંદ | રૂ. ૧૫૫૧/– |
| ૯. | પ્રવિણાબેન એમ. દવેની સ્મૃતિમાં<br>હસ્તે મકરંદભાઈ રમણલાલ દવે તરફથી | અમદાવાદ | રૂ. ૨૦૦૦/– |
| ૧૦. | સ્વ. સુધાબેન મુ. દવેની સ્મૃતિમાં<br>હસ્તે મુકેશભાઈ જગદીશચંન્દ્ર દવે | આણંદ | રૂ. ૨૦૦૧/– |
| ૧૧. | સ્વ. ગીરીશભાઈ ભટ્ટની સ્મૃતિમાં<br>હસ્તે માલીનીબેન ગીરીશભાઈ ભટ્ટ | અમદાવાદ | રૂ. ૧૧૧૧૧/– |
| ૧૨. | સ્વ. પૂનમચંદ્ર મગનલાલ દેસાઈની સ્મૃતિમાં<br>હસ્તે ધર્મેશભાઈ પૂનમચંદ્ર દેસાઈ | નડીયાદ | રૂ. ૧૫૫૧/– |

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લિ.
## વિદ્યોતેજક ફંડના દાતાશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્વ. શાન્તાબેન અંબાલાલ ઠાકરની સ્મૃતિમાં<br>હસ્તે ભાસ્કરભાઈ અંબાલાલ ઠાકર | અમદાવાદ | રૂ. ૨૫૦૦૦/– |
| ૨. | સ્વ. કુમુદબેન હરિહરભાઈ ભટ્ટ<br>હસ્તે હરિહરભાઈ ભૂપતરાય ભટ્ટ | અમદાવાદ | રૂ. ૪,૦૦,૦૦૦/– |
| ૩. | સુરત બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ | સુરત | રૂ. ૧૫,૦૦૦/– |
| ૪. | નેહલ રમેશચંન્દ્ર શેલત | ઓસ્ટ્રેલીયા | રૂ. ૧૧,૦૦૦/– |
| ૫. | વિજયકુમાર વી. વ્યાસ | અમદાવાદ | રૂ. ૨૦૦૦/– |

# તંત્રી લેખ...

***સુજ્ઞ જ્ઞાતિજનો***

*કામ – ક્રોધ – લોભ – મોહ – માયા – સ્વાર્થ – મનુષ્ય જીવનમાં અનેક ચડતી–પડતી લાવી શકે છે. વ્યક્તિને કુટુંબ સમાજથી વિમુખ કરી દે છે. જે કારણે માનવે તેથી દૂર રહેવું જોઇએ. સરળ–સાત્વીક જીવન જીવવા આવા બધા કાર્યોને ખંખેરી સરળ–સહજજીવન જીવવા પ્રયત્નીશીલ બનવું જોઇએ.*

*મનુષ્યની ઈચ્છાનો અંત હોતો નથી ક્રોધ વ્યક્તિને પોતાને અને સામેવાળાને પણ ભડકે બાળી શકે છે. લોભમાં માનવ માનવ મટી જાય છે. મોહમાં ના કરવાનું કરી બેસે છે. માયા તો ઝાંઝવાના નીર સમાન છે. સ્વાર્થથી માનવ એકલો પડી જાય છે. સમાજથી હાંસીયામાં ધકેલાઇ જાય છે. જીવનમાં આપણે આપણું કલ્યાણ ઈચ્છતા હોઈએ તો ઉપરના છ શબ્દો આપણા શબ્દમાંથી બહાર કરવા જોઈએ અને આજ આપણા માટે હિતકર્તા છે.*

*સારા કાર્યો કરવા માટે દિવસ–રાતનો કે સમયનો વિચાર કરવાનો નથી જ્યોતિષ કે પંચાગ જોવાની જરૂરીયાત નથી. પોતાની પાસે જે કાંઇ હોય તેમાંથી ફાકો મૂઠી આપણી શક્તિ મૂજબ જરૂરીયાત મંદને પ્રેમપૂર્વક અર્પણ કરવુ જોઇએ. દરેક જણ આવુ વિચારી એકબીજાને મદદ કરવા પ્રયત્નશીલ થશે તો આ જગત પ્રગતિ કરશે. દાન આપવું એ માનવતા છે. એકમેક ભેગા થઈ એક મોટું વટવૃક્ષ થશે.*

*દેશનું સૂત્ર "સૌનો સહકાર–સૌનો વિકાસ" સમાજનું સૂત્ર "સૌનો સાથ–જ્ઞાતિનો વિકાસ" શ્રી અ.ભા.બા.ખે.હિ.સભાના ભૂતપૂર્વ હોદ્દેદારો–ટ્રસ્ટીઓ–કારોબારી સભ્યોએ આ બાબતનો અનુભવ થતાં સમાજના જરૂરિયાતમંદો આર્થિક સહાય આપવું શરૂ કર્યું. કાળક્મે તેમાં વધારો પણ કરાતો રહ્યો. સામે પક્ષે તેટલી મોંઘવારી પણ વધતી રહી.*

*ભૂતપૂર્વ પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવેની પ્રેરણાથી દર વર્ષે અધિવેશન યોજાયાં એમાંથી જે તે ગામની સંસ્થાઓને તથા હિતવર્ધક સભાને લાભ થયો. આજે આપણે ૫૭ જરૂરીયાતમંદ જ્ઞાતિજનોને રૂ. ૧૦૦૦/– સહાય સ્વરૂપે આપી સહભાગી બનીએ છીએ હવે પછી તેમાં રૂ. ૧૦૦/–નો વધારો જાન્યુઆરીથી થશે. દરેક પ્રમુખોએ પણ આમાં સહભાગી થઈ તેને મજબૂત કરવા ઉમદા પ્રયત્નો કર્યા છે.*

*છેલ્લા બે ૨૯ અને ૩૦ અધિવેશનની વાત કરીએ તો ઉમરેઠ મુકામે તથા ક્ષીરજામ્બા મુકામે યોજાયેલ ૨૯માં અધિવેશનમાં પ્રમુખ શ્રી અજીતભાઈ દવે તથા અધ્યક્ષ શ્રી શૈલેષભાઈ જોષીએ પોતાની આગાવી કુનેહ અને અંગત મદદથી કારોબારી સભ્યો તથા ટ્રસ્ટી મંડળનો સહકાર મેળવી પ્રસંગ દિપાવ્યો. ૩૦મું અધિવેશન પણ તેજ નેમથી ક્ષીરજામ્બા મુકામે યોજાયું. જેમાં પણ પ્રમુખશ્રી અજીતભાઈ દવે તથા અધ્યક્ષશ્રી નિરવભાઈ દવેએ ખૂબ જ મહેતન કરી. શ્રી કિરીટભાઈ દવે, શ્રી મહેન્દ્રભાઈ દવે, શ્રી અરૂણભાઈ દવે, શ્રી અનિલભાઈ ઠાકર, શ્રી જગદીશભાઈ દવે, શ્રી જીતેન્દ્રભાઈ જોષી, શ્રી નિરવભાઈ દવે, શ્રી અરૂણભાઈ શેલત તથા નામી અનામી કાર્યકરોએ નામની અપેક્ષા રાખ્યા વગર સહકાર આપેલ.*

*વિશિષ્ટ સહાય ફંડના દાતાને પણ આ તબક્કેના ભૂલાય તેઓએ પણ પોતાની મુઠી–ચપટીને પ્રેમપૂર્વક, આદરપૂર્વક અર્પણ કરી ખાતર આપવાનું કામ કર્યું છે. આથી માનવતા પ્રસરશે. આપનું જીવન મ્હેકશે. પરસ્પરની લાગણીના ગુણાકાર થતાં સમાજ પ્રગતિ કરશે તન–મન પ્રફુલ્લીત થતાં કુદરત અને જરૂરીયાતમંદની આંતરડી ઠરશે જેના આશીર્વાદથી સમાજ મહેકશે. અસ્તુ – ૐ શાંતિ શાંતિ શાંતિ...*

***– અશ્વીનભાઈ ચતુરભાઈ દવે – તંત્રી***

# ચાલો....ચાલો... આશાપુરી મંદિર, પીપળાવ ચાલો...ચાલો...

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા આગામી ૩૧મું રાષ્ટ્રીય અધિવેશન આશાપુરી માતાજીના મંદિર મુકામે પીપળાવ ખાતે તા. ૩૦–૧૨–૨૦૧૮ના રોજ યોજનાર છે. અધિવેશનના પાસ ગામે ગામના મંડળોને પહોંચાડી દેવામાં આવેલ છે જેથી આપશ્રી આ પાસ મેળવી અધિવેશનમાંના માતાજીના દરબારમાં પ્રત્યક્ષ હાજરી આપશો.

## નવચંડી યજ્ઞ

અધિવેશનના દિવસે આશાપુરી માતાજીના મંદિર મુકામે પીપળાવ નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં એક મુખ્ય યજમાન તેમજ અગિયાર સહ–યજમાન હવનમાં બેસી શકે તેવું આયોજન કરવામાં આવેલ છે.

(૧) સહ–યજમાનના રૂ. ૫,૦૦૦/– ભરવના રહેશે. (૨) વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધવામાં આવશે, જે નોનરીફંડેબલ, નોન ટ્રાન્સફરેબલ હશે. (૩) હવનના દિવસે સવારે ૭.૦૦ વાગે હાજર રહેવાનું રહેશે. (૪) હવનમાં બેસનારે પિતાંબર, ઝભ્ભો પહેરવો ફરજીયાત છે. (૫) હવનમાં બેસનારે આચમની, તરભાણું, લોટો, પ્યાલો, આસન, નેપકીન પોતાની રીતે લાવવાના રહેશે.

આ અંગેની તમામ કાર્યવાહી કિરીટકુમાર દવે (મો.) ૯૮૨૫૧૮૯૪૪૭ બાજખેડાવાળ છાત્રાલય, નાના બજાર, વિદ્યાનગરથી થશે જેથી હવન અંગેની તમામ પુછપરછ નામ તથા રકમ નોંધાવવાનું ઉપરોક્ત સરનામે રહેશે.

| રાજેશ દવે | અજીતભાઈ દવે | અરૂણભાઈ શેલત | પ્રણવભાઈ જોષી |
|---|---|---|---|
| ભાવી પ્રમુખશ્રી | પ્રમુખશ્રી | મંત્રીશ્રી | અધ્યક્ષશ્રી |

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ**

---

## ઋણસ્વીકાર

## શ્રી હરિહરભાઈ ભૂપતરાય ભટ્ટ

આપશ્રીએ આપના અર્ધાગિની શ્રી કુમુદબેન હરિહરભાઈ ભટ્ટ ઉર્ફે મધુબેન બાપાલાલ ઠાકરની સ્મૃતિમાં શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભામાં વિશિષ્ટ સહાય ફંડમાં રૂ. ૧,૦૦,૦૦૦/– અને શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. વિદ્યોતેજક ફંડમાં રૂ. ૪,૦૦,૦૦૦/– દાન આપેલ છે જે અમોએ સંસ્થાએ સાભાર સ્વીકારેલ છે.

આપનું આ યોગદાન સમાજને પ્રેરણારૂપ છે તેમજ વિશિષ્ટ સહાય ફંડના યજ્ઞમાં આપની અમૂલ્ય આહુતી વિશિષ્ટ સહાય વધારવાના હેતુ માટે અમને પ્રોત્સાહક બળ પૂરૂં પાડશે.

| પ્રમુખશ્રી | મંત્રીશ્રી |
|---|---|
| અજીતભાઈ દવે | અરૂણભાઈ શેલત |

**સર્વે ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, કારોબારી સભ્યશ્રીઓ**

✦✦✦✦✦

| પ્રમુખશ્રી | મંત્રીશ્રી |
|---|---|
| મહેન્દ્રભાઈ દવે | અજીતભાઈ દવે |

**સર્વે હોદ્દેદારો, કારોબારી સભ્યશ્રીઓ**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ

## અધિવેશનની વણથંભી વણઝાર

ક્ષીરજાંમ્બા માતાના મંદિર લક્ષ્મીપુરાથી આગળ વધીને હવે આશાપુરી મંદિર પીપળાવ ખાતે આગામી ૩૧મું રાષ્ટ્રીય અધિવેશન યોજાનાર છે.

૧૭માં રાષ્ટ્રીય અધિવેશનથી (૨૦૦૪ થી) સતત દર વર્ષે ડીસેમ્બર મહીનાના છેલ્લા રવિવારે અધિવેશનો યોજાય છે. આગામી ૩૧મું રાષ્ટ્રીય અધિવેશન તા. ૩૦–૧૨–૨૦૧૮ના રોજ આશાપુરી માતા મંદિર (પીપળાવ) ખાતે યોજાનાર છે. આશાપુરી માતા મંદિર (પીપળાવ) ગુજરાતના દરેક ખૂણેથ અંદાજીત ૧૦ કીલોમીટરથી ૧૦૦ કીલોમીટરની ત્રીજ્યામાં આવેલ છે. (સુરત ને બાદ કરતા) ટ્રેન અને બસની સુવિધાઓ જોતા અધિવેશન સ્થળ ઉપર પહોંચવા માટે પ્રતિકૂળતા એટલી જ છે. આવા સંજોગોમાં આપ સૌ મોટી સંખ્યામાં હાજર રહેશો તેવી અપેક્ષા અસ્થાને નહી ગણાયા.

અધિવેશનો યોજવા માટે આયોજકો દ્વારા ખૂબ જ મહેનત ઉઠાવવામાં આવતી હોય છે. અંદાજીત વ્યક્તિ દીઠ રૂ. ૪૦૦/– થી રૂ. ૪૫૦/–નો ખર્ચ થતો હોય છે. આ રકમ ભેગી કરવા દાતાશ્રીઓ, ઉદ્‌ઘાટકશ્રીઓ, મુખ્ય મહેમાનશ્રીઓ તથા અતિથિ વિશેષશ્રીઓ દ્વારા રકમો મળતી હોય છે. અત્યાર સુધીના અનુભવ પ્રમાણે સૌના સાથ, જ્ઞાતિનો વિકાસ પ્રમાણે અધિવેશનના ખર્ચની રકમ બાદ કરતા વધારાની રકમ વિશિષ્ટ સહાય ફંડમાં જમા થતી હોય છે જે હિતવર્ધક સભાના અધિવેશન અંકમાં દર્શાવેલ છે. જેથી તે અંગે વધુ કંઈ કહેવાની જરૂર નથી.

આ બધી પરીસ્થીતી હોવા છતાં વધુમાં વધુ જ્ઞાતિજનો અધિવેશનમાં હાજર રહે અને જ્ઞાતિ સમાજથી પરસ્પર સંબંધો કેળવાય તેવા શુભ આશયથી આપની પાસેથી માત્ર રૂ. ૬૦/– ટોકન લેવામાં આવે છે ગામે ગામના મંડળોના વહીવટદારો આપ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહો તેવા નમ્ર પ્રયાસ થતા હોય છે અધિવેશન દૂર હોય છે ત્યારે ગામના મંડળો દ્વારા આવવા જવાની બસની વ્યવસ્થા પણ પુરી પાડવામાં આવતી હોય છે. આયોજકો તે અંગે સતત જાગૃત હોય છે. આપ સૌ જ્ઞાતિજનોને નમ્ર વિનંતી કરવાની કે આગામી રાષ્ટ્રીય અધિવેશન તા. ૩૦–૧૨–૨૦૧૮ના રોજ આશાપુરી માતા મંદિર, પીપળાવ ખાતે વધુ સંખ્યામાં હાજર રહી પ્રોત્સાહીત કરો અને સુંદર સમાજ જીવનની યાદગાર પળો માણવાનો મોકો અને લ્હાવો લો તેવી વિનંતી છે

આગામી અધિવેશનમાં એક પંથ દો કાજ જેવી પરીસ્થીતિનું નિર્માણ થાય છે. માતાજીના દર્શન તથા જ્ઞાતિગંગાના મેળાવડામાં પાવન થવાનો અનેરો લાભ ચુકતા નહી ગામે ગામના પ્રમુખોને અધિવેશનના પાસ મોકલી આપેલ છે. અમારી જાણ મુજબ ઘણા ગામો દ્વારા આગામી અધિવેશનમાં વિનામૂલ્યે પાસનું આયોજન પણ કરવામાં આવેલ છે તો સમયસર પાસ મેળવી લેશો અને જ્ઞાતિ સમાજ પ્રત્યેની પ્રાથમિક ફરજ અદા કરી અમોને પ્રોત્સાહીત કરશો.

આભાર સહ.

| રાજેશ દવે | અજીતભાઈ દવે | અરૂણભાઈ શેલત | પ્રણવભાઈ જોષી |
|---|---|---|---|
| ભાવી પ્રમુખશ્રી | પ્રમુખશ્રી | મંત્રીશ્રી | અધ્યક્ષશ્રી |

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ
## ૩૦માં રાષ્ટ્રીય અધિવેશનનો અહેવાલ
## તા. ૨૪-૧૨-૨૦૧૭ને રવિવાર
### અધિવેશન સ્થળ : ક્ષીરજામ્બા માતાજી મંદિર લક્ષ્મીપુરા, ખેડબ્રહ્મા

સવારની ફૂલ-ગુલાબી ઠંડી એવા વાતાવરણમાં ખેડબ્રહ્મા, લક્ષ્મીપુરા માં ક્ષીરજામ્બા માતાજીના મંદિરમાં સવારની આરતી અને ઘંટનાદના સુમધુર રણકાર સાથે બ્રાહ્મણોના સંસ્કૃતમાં શ્લોકો બોલાતા નવચંડી હવનની તૈયારી કરતા હતા અને યજમાનો પીળા પીતાંબરમાં શોભતા હતા અને બહેનો રેશમી સાડીઓ પહેરીની હવનમાં બેસવા તૈયાર થતા હતા. મંદિરના પરીસરમાં સરસ મજાનો મંડપ બંધાયેલ અને નીચેના ભાગમાં અધિવેશનનો વિશાળ મંડપ તૈયાર હતો.

રાજ્યના જુદા જુદા ગામો જેવા કે અમદાવાદ, ગાંધીનગર, આણંદ, નડીયાદ, વડોદરા, મહુધા, વસો, ઉમરેઠ, ડાકોર, મહેમદાવાદ, સોજીત્રા, ભરૂચ, સુરત, મુંબઈ, સોખડા, કણજરી વિગેરે ગામોમાંથી તેમજ દેશ-વિદેશમાંથી યુ.એસ.એ. જેવા દેશોમાંથી પણ મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજરી આપી હતી.

પોતપોતાના ગામ-શહેરથી રાત્રે નીકળી વહેલી સવારે અંબાજી દર્શન કરીને અધિવેશનમાં હાજર રહેવા લગભગ સવારે ૧૦.૦૦ વાગે આવવાની શરૂઆત થયેલ. ગરમાગરમા ચા-કોફી અને નાસ્તાને ન્યાય આપીને અધિવેશનના ગુલાબી મંડપમાં જ્ઞાતિજનો આવવા લાગ્યા.

અધિવેશનનું સંચાલન કરી રહેલ દધિચી ઠાકરે સૌને અધિવેશન મંડપમાં આવકાર્યા હતા. સંસ્થાના પ્રમુખ શ્રી અજીતભાઈ દવે, અધ્યક્ષ શ્રી નીરવભાઈ દવે, ટ્રસ્ટીશ્રી કિરીટભાઈ દવે, શ્રી જગદીશભાઈ દવે, મંત્રીશ્રી અરૂણભાઈ શેલત દ્વારા ઉદ્‌ઘાટકશ્રી, મુખ્ય મહેમાનશ્રી, અતિથિ વિશેષશ્રીને માં ક્ષીરજામ્બાના ફોટાવાળું સ્મૃતિચિહ્‌ન અર્પણ કરી આવકાર્યા અને તેમને સ્થાનગ્રહણ કરાવ્યા.

**દીપપ્રાગટ્ય :**

શ્રી સી. કે. ભટ્ટ, શ્રીમતી વનલતાબેન ભટ્ટ, શ્રી કૌશિકભાઈ દવે, શ્રી અજીતભાઈ દવે, શ્રી નીરવભાઈ દવે અને શ્રી અરૂણભાઈ શેલત દ્વારા દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ દીપપ્રાગટ્યને જ્ઞાતિજનોને ખૂબ મોટા સૂરમાં તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ હતું.

વર્ષ ૨૦૧૬-૨૦૧૭ દરમ્યાન જે જ્ઞાતિજનો સ્વર્ગવાસ થયેલ હોય તેવા જ્ઞાતિજનોને યાદ કરી તેઓના આત્માની શાંતિ માટે ૨ મિનીટ મૌન પાળવામાં આવેલ.

**પ્રમુખશ્રી અજીતભાઈ દવેનું ઉદ્‌બોધન**

શ્રી ક્ષીરજામ્બા માતાજીના ચરણોમાં વંદન કરીને સર્વે સ્ટેજ પર બિરાજમાન મહાનુભાવોનું અને જ્ઞાતિજનોનું હાર્દિક સ્વાગત કરેલ. અધિવેશનની અગત્યતા અંગે જણાવેલ જેના જ્ઞાતિ સમાજને ફાયદો થાય છે. આ અંગે અધિવેશનના પ્રણેતા શ્રી કિરીટભાઈ દવે ધન્યવાદ અને અભિનંદનને પાત્ર છે. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાની મુખ્ય કામગીરી

વિશિષ્ટ સહાય અને "બાજખેડાવાળ" પત્રિકા છે. જેનો લાભ ગામેગામના જ્ઞાતિજનોને મળે છે.

**"સૌનો સાથ, જ્ઞાતિનો વિકાસ"**ના સૂત્રના ચરિતાર્થ કરવામાં માટે શ્રી દીવ્યાગભાઈ દવે (દુબઈ), શ્રી શૈલેષભાઈ જોષી, શ્રી વીઠ્ઠલરાય જે. ભટ્ટ અને શ્રી હરિહરભાઈ ભૂપતરાય ભટ્ટ દાતાશ્રીઓનો આભાર માન્યા હતો.

જન સેવા એજ પ્રભુ સેવા માનનાર ભીખુભાઈ દવે પરિવારે વિશિષ્ટ સહાય મેળવનાર પાંચ વ્યક્તિની જવાબદારી સ્વીકારેલ છે તે યાદ કરેલ અને સાથે સાથે રૂ. ૬૦૦૦૦/-નો ચેક ટ્રસ્ટી શ્રી કિરીટભાઈ દવે અને અધ્યક્ષ શ્રી નીરવભાઈ દવેને શ્રી કૌશિકભાઈ દવેએ અર્પણ કરેલ હતો. વેબસાઈટની સફળતા અને "ઉરમાં ધબકતું ઉમરેઠ" વિડીયોગ્રાફીને પણ આ અવસરે યાદ કરેલ.

૩૦માં રાષ્ટ્રીય અધિવેશનના અધ્યક્ષ શ્રી નીરવભાઈ દવેનો આભાર માની તેઓ પોતાનું ઉદ્‌બોધન પૂર્ણ કરેલ.

### અધ્યક્ષ શ્રી નીરવભાઈ દવેનું ઉદ્‌બોધન

૩૦માં રાષ્ટ્રીય અધિવેશનમાં સર્વે જ્ઞાતિજનોને આવકારેલ અને મંચસ્થ મહાનુભાવોનું હૃદયપૂર્વક શાબ્દિક સ્વાગત કરી તેઓશ્રી પર અધિવેશનના અધ્યક્ષ તરીકનો મુકાયેલા વિશ્વાસ બદલ સર્વે જ્ઞાતિજનોનો આભાર માનેલ અને ખાસ કરીને પોતાના કુટુંબીજનોનો આભાર માનેલ જેઓના થકી આ સુંદર અધિવેશનના અધ્યક્ષપદને તેઓ શોભાવી શક્યા. અધિવેશનનો હેતુ અંગે કહેતા તેઓશ્રીએ કહ્યું કે સર્વે જ્ઞાતિજનો અને કુટુંબીજનો એકબીજાને મળે અને તેના થકી સંસ્થાને મદદરૂપ થઈ શકાય.

### મંત્રીશ્રી અરૂણભાઈ શેલતનો અહેવાલ

શ્રી અરૂણભાઈ શેલત દ્વારા શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનો અહેવાલ આપતા જણાવેલ કે જ્ઞાતિજનોનું હિત વધારનાર સંસ્થા એટલે જ શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સભા કહેવાય એ નામ તા. ૦૯-૦૨-૮૬માં રાખવામાં આવેલ.

ટૂંકમાં પોતાના અહેવાલના માધ્યમથી જણાવેલ કે ૧૭માં રાષ્ટ્રીય અધિવેશનથી અવિરત ૩૦માં અધિવેશનની સુધી અધિવેશનની સફળતાના કારણે આજે આપણે વિશિષ્ટ સહાય ફંડ પ્રત્યેક વ્યક્તિને રૂ. ૧૦૦૦/- પ્રતિ માસ આપી શકીએ છીએ.

તેવી જ રીતે પત્રિકામાં પણ ૪૧૦૦થી વધુ આજીવન સભ્યો છે. "સૌનો સાથ જ્ઞાતિનો વિકાસ" એક નાનો અમથો વિચાર છે. જો પત્રિકાના ૪૧૦૦ આજીવન સભ્યો દર વર્ષે ૧૦૦ રૂપિયા આપે તો રૂ. ૪,૧૦,૦૦૦ની માતબર રકમ બની શકે. આ થઈ માત્ર ૪૧૦૦ પત્રિકાના આજીવન સભ્યોની વાત.... જ્યારે આપણી ખમીરવંતી ખેડાવાળ જ્ઞાતિ તો એક ખૂબ વિશાળ જનસમૂહ છે આપ માત્ર કલ્પના કરો કે આપની એક નાની સહાય કેટલા મોટા આર્થિક અનુદાનના માર્ગને ખૂલ્લો મૂકી શકે છે.

દુબઈ સ્થિત શ્રી દિવ્યાંગભાઈ દવે પરિવાર તરફથી વર્ષ ૨૦૦૮ થી ૨૦૧૬ના વર્ષ સુધીમાં વિશિષ્ટ સહાય ફંડમાં રૂ. ૧૦,૦૦,૦૦૦/-થી પણ વધુ રકમનું અનુદાન મળેલ છે અને હજુ તે વણથભ્યુ દાન સતત આપવાનો તેઓશ્રીના પરિવારનો નિર્ણય પણ એક ઉત્તમ દાનનું ઉદાહરણ તો છે કેમ ખરૂને ?

બાજખેડાવાળ જ્ઞાતિના અમદાવાદ સ્થિત ખૂબ જ સનિષ્ઠ અને ખૂબ જાણીતા એવા શ્રી વીઠ્ઠલરાય જે. ભટ્ટના હસ્તે હમણાં જ રૂ. ૩,૦૦,૦૦૦/–ની માતબર રકમનું અનુદાન તેમના માતા–પિતા અને પત્નીશ્રીના સ્મરણાર્થે આપેલ છે આનાથી ઉત્તમ જ્ઞાતિસેવાનું બીજું કયું ઉદાહરણ હોય.

આવા અનેકો અનેક ઉદાહરણરૂપી અને જ્ઞાતિ સેવા માટે તન–મન–ધનથી સેવા કરનાર જ્ઞાતિજનો છે તો આવો આપણે પણ એક ઉત્તમ ઉદાહરણ બનીએ અને ઉપરના "એક નાના વિચાર"ને સંકલ્પમાં બદલી "સૌનો સાથ, જ્ઞાતિનો વિકાસ"ના સૂત્રને સાર્થક કરીએ.

અંતશ્રી અ.ભા.બા.ખે.હિ.સભાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, કારાબોરી સભ્યો તથા જ્ઞાતિજનોનો આભાર માની પોતાના અહેવાલ પૂર્ણ કરેલ.

**પ્રમુખશ્રી અજીતભાઈ દવેની જાહેરાત**

શ્રી અજીતભાઈ દવે દ્વારા લક્ષ્મીપુરાથી આશાપુરીની જાહેરાત હેઠળ ૩૧મું રાષ્ટ્રીય અધિવેશન જાહેર કરેલ અને જેના અધ્યક્ષ રૂપે શ્રી પ્રણવભાઈ જોષીના નામની જાહેરાત કરવામાં આવેલ જેને સર્વે જ્ઞાતિજનોએ ખૂબ હર્ષ સાથે વધાવેલ સાથે સાથે દુબઈ સ્થિત શ્રી દિવ્યાંગભાઈ અરવિંદભાઈ દવેના પરિવાર તરફથી શ્રી હેમંતભાઈ શેલત અને શ્રી કિરીટભાઈ શેલતના જણાવ્યા પ્રમાણે આ વર્ષે પણ રૂ. ૧ લાખ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડમાં આપવાની જાહેરાત કરેલ હતી. જેને પણ શ્રી દિવ્યાંગભાઈ દવેને આ તબક્કે અભિનંદન સ્વરૂપે ડાયસ અને સભા મંડપમાં ઉપસ્થિત સર્વેએ ઉભા થઈ વધાવેલ હતું. એ તબક્કે ફરીથી શ્રી દિવ્યાંગભાઈ અરવિંદભાઈ દવેને દુર હોવા છતાં સમાજની લાગણીને માન આપી નજીક હોવાનો અહેસાસની પ્રતિત કરાવેલ.

આગામી ૩૧માં રાષ્ટ્રીય અધિવેશન અધ્યક્ષની જાહેરાતની સાથે સાથે જ શ્રી અજીતભાઈ દવેએ એક બીજા ખૂશીના સમાચાર પણ જ્ઞાતિ સમક્ષ મૂક્યા કે વિશિષ્ટ સહાય ફંડમાં જે રકમ હાલ સુધી પ્રતિ માસ રૂ. ૧૦૦૦ હતા તે વધારીને રૂ. ૧૧૦૦ તા. ૦૧–૦૪–૨૦૧૮થી કરવામાં આવે છે. એટલે કે પ્રતિમાસ રૂપિયા ૧૦૦/–નો વધારો કરેલ છે આ જાહેરાતને સૌ જ્ઞાતિજનોએ તાળીઓથી વધાવી હતી.

**ઉદ્ઘાટકશ્રી સી. કે. ભટ્ટનું નિવેદન**

૯૧ વર્ષના યુવાન અને કર્મે શિક્ષક એવા શ્રી સી. કે. ભટ્ટ જેથી પોતાના પ્રવચનમાં સર્વ પ્રથમ કહી દીધું કે કોઈનું નામ નહીં બોલુ કારણે કે હું ૪૫ મિનીટનો ક્લાસ લેવા ટેવાયેલો છું જે નામ બોલું તો મારા ભાષણમાં ૧૫ મિનિટ ઓછી થાય જે મને પાલવે એમ નથી આવું બોલીને લોકોને હસાવીને તેમના વક્તવ્યની શરૂઆત કરેલ.

અધિવેશનમાં યુવાન ભાઈ–બહેનોને જોઈને ઘણો જ આનંદ થયો છે. બાજખેડાવાળ જ્ઞાતિ અયાચક નથી તેમણે ભાર દઈને જણાવેલ અને સ્વામિનારાણય શિક્ષાપત્રી પ્રમાણે આવકના ૧૦% જો જ્ઞાતિ સંસ્થાને તમે આપો તે ઘણું મોટું ફંડ ભેગું કરી શકીએ જેના કારણે તમારૂં શરીર પણ મારી જેમ સારૂં રહી શકે. તમે તમારા દીકરી–દીકરીઓ જમાઈઓને પણ અધિવેશનમાં લાવો જેથી કરીને બાજખેડાવાળ જ્ઞાતિની કરકસરતા, તેની તેજસ્વીતાની જાણ થાય આપણી જ્ઞાતિના વકીલોને પ્રોફેસરોને ભેગા કરો અને યુવાનો સાથે વિચાર–વિમર્શ કરાવડાવો, યુવાનોને સલાહ આપતા કહ્યું કે તેઓ આઈ.એસ. અને આઈ.એફ.એસ.ની પરીક્ષાઓ આપો અને

જીવનમાં ખૂબ જ આગળ વધો અને જ્ઞાતિ સમાજની સેવા કરો.

૩૧માં રાષ્ટ્રીય અધિવેશનમાં પણ તેઓ ઉદ્‌ઘાટક તરીકે આવશે. જેની જાણ શ્રી કિરીટભાઈ દવેએ કરેલ જેના જવાબમાં તેમણે જમાવેલ કે હજુ બીજા ૯ અધિવેશન સુધી હું ઉદ્‌ઘાટક તરીકે આવીશ અને કોઈને મારી જેમ ઉદ્‌ઘાટક બનવું હોય તો રૂ. ૫૦,૦૦૦ માં એક વર્ષનું જીવન આપવા તૈયાર છું.

**સન્માન અને સ્મૃતિ ભેટ અર્પણ**

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાને ૩૦માં રાષ્ટ્રીય અધિવેશન નિમિત્તે દાન આપનાર દાતાશ્રીઓનું સન્માન, શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓનું સન્માન, ગામે ગામના મંડળોના પ્રમુખનું સન્માન શ્રી માં ક્ષીરજામ્બાના ફોટો રૂપિ સ્મૃતિ ભેટથી કરવામાં આવેલ જેના સભા મંડપમાં હાજર સર્વેએ ખૂબ જ ઉમળકાભેર વધાવેલ. જેમાં દિવ્યાગભાઈ દવે (દુબઈ) જેમના દ્વારા લગભગ ૨૦૦૮ થી હાલ સુધી લગભગ રૂ. ૧૦ લાખ જેટલી માતબર રકમનું અનુદાન મળેલ છે તેવા શ્રી દિવ્યાંગભાઈ દવે અને તેમના અને સંસ્થાની વચ્ચે સાંકળરૂપી શ્રી હેમંતભાઈ શેલતનું પણ સન્માન કરેલ.

**શ્રી કિરીટભાઈ દવેનું વિશિષ્ટ બહુમાન**

સન્માન કોનું હોય ? દરેક અધિવેશનમાં સૌજન્ય જ્યારે નક્કી કરવાનું હોય તો એડવાન્સમાં સૌજન્ય પણ નક્કી થઈ જાય, અતિથિ વિશેષ પણ નક્કી થઈ જાય, મુખ્ય મહેમાન પણ નક્કી થઈ જાય અને કોઈને તકલીફ પણ ના પડે તે રીતે અધિવેશનની તૈયારી પણ થાય તેનું સન્માન થાય. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટી અને અધિવેશનના પ્રણેતા તેવા શ્રી કિરીટભાઈ મંગુપ્રસાદ દવેનું સંસ્થા વતી મોમેન્ટો આપીને સન્માન કરેલ.

શ્રી કિરીટભાઈ દવે આ પ્રસંગે પોતાની ઉર્મિઓને રોકી નહી શકેલ અને ગળગળા કંઠે જણાવેલ કે, "જનરલી શાલ ઓઢાડવામાં આવે એટલે કે એવું કે હવે તમે રીટાયર્ડ થાઓ પરંતુ હું જ્યાં સુધી હાથ-પગ ચાલશે ત્યાં સુધી અવિરત જ્ઞાતિસમાજની સેવા કરતો રહીશ હું અટકવાનો નથી."

તેના તુરંત જ બાદ શ્રી કિરીટભાઈ દવે દ્વારા ૩૧માં રાષ્ટ્રીય અધિવેશના સૌજન્યો અને દાતાશ્રીઓના નામની જાહેરાત કરેલ. આ હતી તેમના સન્માની સાચી પરિભાષા....

**શ્રી સુંદરલાલ જોષીનું નિવેદન**

શ્રી બાજખેડાવાળ મંડળ સુરતના પૂરવ્ પ્રમુખ અને શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીશ્રી એવા શ્રી સુંદરલાલ જોષીએ પોતાના નિવેદનમાં કહ્યું કે જ્ઞાતિ સમાજની સેવા કરવા માટે જ્યારે હું કટિબદ્ધ થયો ત્યારે મને શ્રી કિરીટભાઈ દવેનું વલણ હિટલર જેવું લાગેલ પરંતુ જેમ જેમ જ્ઞાતિમાં વધુને વધુ સેવા આપતો થયો ત્યારે મને શ્રી કિરીટભાઈ દવેનું વલણ યોગ્ય લાગેલ અને આજે તે જાહેર મંચ પરથી તેઓની સેવાઓને બિરદાવી અધિવેશનની સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી.

**શ્રી અરૂણભાઈ દવેનું નિવેદન**

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ખજાનચીશ્રી અને શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.ના ખજાનચીશ્રી તેમજ શ્રી બાજખેડાવાળ કેળવણી અને

સંસ્કૃતિ મંડળ–અમદાવાદમાં વિવિધ જવાબદારીઓ સ્વીકારી હાલ નિવૃત્ત થયેલ એવા શ્રી અરૂણભાઈ દવેએ પોતાના બહુ જ ટૂંકા વક્તવ્યમાં જણાવેલ કે આજે મને જે મુખ્ય મહેમાન તરીકે અહીં બિરાજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલ છે તે મારા માટે બહુમૂલી છે જે માટે સર્વેનો હું ખૂબ જ આભારી છું અને અધિવેશનની સફળતાને બિરદાવેલ.

**શ્રી કૌશિકભાઈ દવેનું નિવેદન**

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના પ્રમુખશ્રી અજીતભાઈ દવેના ભાઈશ્રી જેઓ અમેરિકા એટલાન્ટામાં નિવાસ કરે છે તેવા શ્રી કૌશિકભાઈ દવેએ ખાસ અધિવેશન પ્રસંગે જણાવેલ કે તેઓ પણ ૨૦૦૫થી એટલાન્ટામાં બ્રાહ્મણ સમાજ ચલાવે છે અને કોઈપણ ગુજરાતી ધામમાં જાય ત્યારે તેની સંપૂર્ણ ક્રિયાકર્મની વિધી બ્રાહ્મણ સમાજ દ્વારા તદ્‌ન ફ્રી કરાવવામાં આવે છે. જેનું કોઈ નથી તેનો સમાજ છે. જનોઈના કાર્યક્રમ પણ કરવામાં આવે છે. અધિવેશનને સફળતા માટે શુભેચ્છા પાઠવેલ.

**શ્રી મૌલેશભાઈ જોષીનું નિવેદન**

શ્રી મૌલેશભાઈ જોષીએ તેમના નિવેદનમાં જણાવેલ કે બાજખેડાવાળ જ્ઞાતિ બાજ પક્ષી જેવી નજર, સાહસિકતા, નીડરતા, અને સ્વાભિમાનના વ્યક્તિત્વવાળી જ્ઞાતિ છે. ધાર્મિકતા સાથે જોડાયેલ જ્ઞાતિ છે. જય પરશુરામ, જય મહાદેવના સૂત્ર સાથે તેઓએ પોતાના નિવેદનમાં અધિવેશનની સફળતાને બિરદાવેલ.

**શ્રી હરિહરભાઈ ભટ્ટનો ઓડિયો સંદેશ**

શ્રી હરિહરભાઈ ભટ્ટ જેઓશ્રીએ અધિવેશનના પ્રસંગે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાને રૂ. ૧,૦૦,૦૦૦/– અને શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.ને રૂ. ૪,૦૦,૦૦૦/–ની માતબર રકમનું અનુદાન બીનશરતી સંસ્થાને આપેલ અને તેઓશ્રી સંસ્થાને પ્રેરણાદાયી ઓડિયો સંદેશ સંસ્થાનો મોકલાવેલ તેનું સભા મંડપમાં હાજર સર્વેએ શ્રવણ કર્યું અને તેમના આવા ઉમદા વિચારોને ખૂબ જ પ્રશંસનીય ગણાવી વધાવેલ.

**શ્રી દધિચી ઠાકરનું સન્માન**

૩૦માં રાષ્ટ્રીય અધિવેશનને ખૂબ જ સુંદર ઉદ્‌ઘોષણા પૂરી પાડનાર સમાજના જ દીકરા એવા શ્રી દધિચી ઠાકરનું તેની સુંદર શૈલીમાં કરેલ ઉદ્‌ઘોષણા બદલ સન્માન કરવામાં આવેલ અને તેને સાહિત્યજગતમાં ખૂબ જ ઉમદા પ્રગતી કરી તેવી શુભેચ્છા પાઠવેલ.

**શ્રી રાજેશભાઈ દવે દ્વારા આભાર વિધી**

સંસ્થાના ઉપપ્રમુખ એવા શ્રી રાજેશભાઈ દવે દ્વારા ૩૦માં રાષ્ટ્રીય અધિવેશનમાં આવેલ ઉદ્‌ઘાટક, મુખ્ય મહેમાનશ્રી, અતિથિ વિશેષશ્રી, ગામે ગામના પ્રમુખશ્રીઓ, ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ તથા જ્ઞાતિજનો અધિવેશનની સફળતાના સાક્ષી બનાવા બદલ આભાર વ્યક્ત કરેલ.

ખેડબ્રહ્માના રહેવાસી અને અધિવેશની જગ્યાને સુંદર રીતે અધિવેશન યોજી શકાય તેવી સુવ્યવસ્થિત કરાવવા બદલ શ્રી અશોકભાઈ ઠાકરનો આભાર માન્યા હતો. શ્રી ક્ષીરજામ્બા મંદિરના તમામ ટ્રસ્ટીઓનો આભાર માન્યો હતો. ત્યારબાદ તેઓશ્રીએ પ્રથમ સત્રને સમાપ્તિ અને બપોરના ભોજન વિરામની જાહેરાત કરેલ.

અને બીજા સત્રમાં હાસ્ય કલાકાર શ્રી નટુભાઈને સાંભળી સાંજનું ભોજન લઈ સૌ જ્ઞાતિજનો પોતપોતાના ગામ તરફ આગામી ૩૧માં રાષ્ટ્રીય અધિવેશનમાં ફરી મળીશું તેવું કહી છૂટા પડેલ.

**સંકલન – શ્રી અરૂણભાઈ શેલત**
**શ્રી અ.ભા.બા.ખે.સભા – મંત્રીશ્રી**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ
# ૩૧માં રાષ્ટ્રીય અધિવેશનના અધ્યક્ષશ્રીનું જ્ઞાતિ જોગ નિવેદન

સુજ્ઞ જ્ઞાતિજનો

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ દ્વારા આગામી ૩૧મું રાષ્ટ્રીય અધિવેશન તા. ૩૦-૧૨-૨૦૧૮ના રોજ આશાપુરી માતા મંદિર પીપળાવ ખાતે યોજાનાર છે. આ અધિવેશનમાં મારી અધિવેશનના અધ્યક્ષ તરીકે નિમણુંક કરવામાં આવેલ છે તે બદલ હું આપ સૌનો તથા જ્ઞાતિ સમાજનો ઋણિ છું.

મારી નિમણૂંક શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના સૌથી નાની ઉંમરના અધ્યક્ષ તરીકે ખૂબ જ સુચક છે આમ છતાં વડીલોના માર્ગદર્શન હેઠળ હું આ કાર્ય હું સુંદર રીતે પૂર્ણ કરી તેમાં શંકાને સ્થાન નથી.

૧૭માં રાષ્ટ્રીય અધિવેશનથી લઈને સતત ૩૦માં રાષ્ટ્રીય અધિવેશન સુધી હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડમાં સતત વધારો થઈ રહેલ છે. તેજ રીતે વિશિષ્ટ સહાય ચુકવણીમાં પણ વધારો થઈ રહેલ છે. જેમાં શંકાને સ્થાન નથી પરંતુ આ વધારો ચોક્કસ સમુદાય તથા ચોક્કસ વ્યક્તિ પુરતા મર્યાદીત હોય તેવું આંકાડાઓથી ચોક્કસ લાગી રહેલ છે.

મારા મનમાં નવો વિચાર ઉદભવેલ છે જે આપની સમક્ષ રજુ કરૂં છું. તે અસ્થાને નહી ગણાય અને આપશ્રી મારી આ વાત ઉપર મનોમંથન કરી મને સહકાર આપી જ્ઞાતિ સમાજના આ ભગીરથ કાર્યમાં ચોક્કસ મદદરૂપ થશો તેવી અપેક્ષા રાખું છું.

મારી જાણ મુજબ હિતવર્ધક સભાનું મુખપત્ર "બાજખેડાવાળ પત્રિકા" દર માસે ૪૧૦૦ની સંખ્યામાં પ્રકાશીત થાય છે. અંદાજીત એક કુટુંબની ૪ વ્યક્તિ ગણીએ તો પણ ૧૬૪૦૦ જ્ઞાતિજનો પત્રીકાના માધ્યમથી દેશ-વિદેશમાં સમાજ સાથે સંકળાયેલ છે જે હકીકત ખરી છે. મારા અગાઉના વડીલો દ્વારા વારંવાર વિશીષ્ટ સહાય ફંડમાં વધારો કરવા માટે ના પ્રયત્નો થયેલ છે જ જેને સારો પ્રતીસાદ મળેલ છે જ.

પરંતુ હું ટીપે ટીપે સરોવર ભરાય તે હકીકત સાર્થક કરવા માગું છું.

મારા નિમણૂંકથી આવનાર અધિવેશન આશાપુરી માતા મંદિર, પીપળાવ ખાતે યોજાનાર છે. બરાબર ૩૭૩ દિવસ બાદ યોજાઈ રહેલ આ અધિવેશનમાં આપણે જ્ઞાતિ સમાજ માટે ઘણી સેવા કરી શકીએ તેમ છે.

અગાઉ જણાવ્યા મુજબ ૧૬૪૦૦ વ્યક્તિઓ પત્રીકાના માધ્યમથી જોડાયેલ છે. જેમાંથી માત્ર ૧૨% લોકો એટલે અંદાજીત ૨૦૦૦ લોકો નીચે મુજબનો સંકલ્પ કરે તો **"નભુતો ન ભવિષ્યતી"** થઈ શકે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| દરરોજના | રૂ. ૧/- લેખે | ૩૭૩ દિવસના | ૩૭૩/- રૂા. | X ૨૦૦૦ વ્યક્તિ | ૭,૬૪,૦૦૦/- રૂ. |
| દરરોજના | રૂ. ૨/- લેખે | ૩૭૩ દિવસના | ૭૪૬/- રૂા. | X ૨૦૦૦ વ્યક્તિ | ૧૪,૯૨,૦૦૦/- રૂ. |
| દરરોજના | રૂ. ૩/- લેખે | ૩૭૩ દિવસના | ૧૧૧૯/- રૂા. | X ૨૦૦૦ વ્યક્તિ | ૨૨,૩૮,૦૦૦/- રૂ. |
| દરરોજના | રૂ. ૪/- લેખે | ૩૭૩ દિવસના | ૧૪૯૨/- રૂા. | X ૨૦૦૦ વ્યક્તિ | ૨૯,૮૪,૦૦૦/- રૂ. |

દરરોજના રૂ. ૫/- લેખે ૩૭૩ દિવસના ૧૮૬૫/- રૂા. X ૨૦૦૦ વ્યક્તિ ૩૭,૩૦,૦૦૦/- રૂ.
દરરોજના રૂ. ૬/- લેખે ૩૭૩ દિવસના ૨૨૩૮/- રૂા. X ૨૦૦૦ વ્યક્તિ ૪૪,૭૬,૦૦૦/- રૂ.
દરરોજના રૂ. ૭/- લેખે ૩૭૩ દિવસના ૨૬૧૧/- રૂા. X ૨૦૦૦ વ્યક્તિ ૫૨,૨૨,૦૦૦/- રૂ.
દરરોજના રૂ. ૮/- લેખે ૩૭૩ દિવસના ૨૯૮૪/- રૂા. X ૨૦૦૦ વ્યક્તિ ૫૯,૬૮,૦૦૦/- રૂ.
દરરોજના રૂ. ૯/- લેખે ૩૭૩ દિવસના ૩૩૫૭/- રૂા. X ૨૦૦૦ વ્યક્તિ ૬૭,૧૪,૦૦૦/- રૂ.
દરરોજના રૂ. ૧૦/- લેખે ૩૭૩ દિવસના ૩૭૩૦/- રૂા. X ૨૦૦૦ વ્યક્તિ ૭૪,૬૦,૦૦૦/- રૂ.

ઉપરોક્ત આંકડાઓ દર્શાવે છે કે જો સહીયારા પ્રયત્નો કરવામાં આવે તો આગામી ૫ વર્ષમાં આપણે પ્રત્યેક બહેનો દીઠ રૂ. ૫૦૦૦/- ચુકવી શકીએ.

નીચે મુજબના કોઠાથી આપને દર્શાવીશ કે વર્ષદીઠ આપણે પ્રત્યેક માસે બહેનોને વધારાની રકમ કેટલી ચૂકવી શકીએ આ કોઈ જાદુઈ આંકડા નથી આ હકીકત છે.

દરરોજના રૂ. ૧/- લેખે બચાવાય તો પ્રત્યેક વ્યક્તિ દીઠ પ્રતિ માસે રૂ. ૭૫/- વધારો થાય
દરરોજના રૂ. ૨/- લેખે બચાવાય તો પ્રત્યેક વ્યક્તિ દીઠ પ્રતિ માસે રૂ. ૧૫૦/- વધારો થાય
દરરોજના રૂ. ૩/- લેખે બચાવાય તો પ્રત્યેક વ્યક્તિ દીઠ પ્રતિ માસે રૂ. ૨૨૫/- વધારો થાય
દરરોજના રૂ. ૪/- લેખે બચાવાય તો પ્રત્યેક વ્યક્તિ દીઠ પ્રતિ માસે રૂ. ૩૦૦/- વધારો થાય
દરરોજના રૂ. ૫/- લેખે બચાવાય તો પ્રત્યેક વ્યક્તિ દીઠ પ્રતિ માસે રૂ. ૩૭૫/- વધારો થાય
દરરોજના રૂ. ૬/- લેખે બચાવાય તો પ્રત્યેક વ્યક્તિ દીઠ પ્રતિ માસે રૂ. ૪૫૦/- વધારો થાય
દરરોજના રૂ. ૭/- લેખે બચાવાય તો પ્રત્યેક વ્યક્તિ દીઠ પ્રતિ માસે રૂ. ૫૨૫/- વધારો થાય
દરરોજના રૂ. ૮/- લેખે બચાવાય તો પ્રત્યેક વ્યક્તિ દીઠ પ્રતિ માસે રૂ. ૬૦૦/- વધારો થાય
દરરોજના રૂ. ૯/- લેખે બચાવાય તો પ્રત્યેક વ્યક્તિ દીઠ પ્રતિ માસે રૂ. ૬૭૫/- વધારો થાય
દરરોજના રૂ. ૧૦/- લેખેબચાવાય તો પ્રત્યેક વ્યક્તિ દીઠ પ્રતિ માસે રૂ. ૭૫૦/- વધારો થાય

આ વધારો પ્રત્યેક માસનો દર વર્ષનો છે સતત ૫ વર્ષ મહેનત કરવામાં આવે તો આપણા સમાજની વિધવા – ત્યક્તા – બહેનોને કોઈની સાથે હાથ લાંબો કરવાનો આવે નહીં અને તેઓના જીવનમાં પ્રેરકબળ પુરું પડે. નાના-મોઢે મોટી વાત કદાચ ગળે ઉતરે નહીં આ આંકડાકીય માહિતી છે જે ખોટી હોય જ નહીં. આવો આપણે સૌ સાથે મળી સંકલ્પ કરી આવતા અધિવેશન પહેલા આપણા સમાજની વિધવા ત્યક્તા બહેનોના ભાવીને ઉજ્જવળ બનાવવા માટેના પ્રયત્નો કરી જ્ઞાતિ સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવાની દિશામાં પ્રયત્નો કરીએ અને ૫ વર્ષમાં પ્રતીમાસ ૫૦૦૦/- રૂા. ચુકવવા માટેના લક્ષને નિરધાર કરી કાર્ય શરૂ કરીએ.

આ અંગે આપશ્રી મારો સંપર્ક કરવા માટે સંપર્ક સેતુ નંબર ૯૪૨૬૩૮૯૯૯૬ ઉપર સંપર્ક કરી શકો છો. ફરીથી એક વખત જ્ઞાતિ સમાજની આ માતૃસંસ્થાના અધિવેશનના અધ્યક્ષ તરીકે મારી નિમણૂંક બદલ હું જ્ઞાતિ સમાજ પ્રત્યે અહેસાનની લાગણી વ્યક્ત કરું છું.

આભાર સહ.

**પ્રણવભાઈ જોષી – અધ્યક્ષશ્રી**
**૩૧મું રાષ્ટ્રીય અધિવેશન તા. ૩૧-૧૨-૨૦૧૮**

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.-અમદાવાદ વિદ્યોતેજક ફંડ રૂ. ૧૧,૦૦૦/-ના દાતા



### નેહલ રમેશચંદ્ર શેલત

સોમ લલિત કોલેજ, અમદાવાદથી બી.બી.એ.નો અભ્યાસ પૂર્ણ કરી સને ૨૦૦૧માં ઓસ્ટ્રેલિયા વધુ અભ્યાસ અર્થે જઈ સને ૨૦૦૬માં Master Of Professional Accounting કરી. સને ૨૦૦૬થી ત્યાં સ્થાયી થઈ હાલ ગર્વમેન્ટમાં હેલ્થ ડીપાર્ટમેન્ટમાં જોબ કરે છે. ત્યાં Justice of Peace તરીકે પણ સેવા આપે છે. તેઓના લગ્ન સને ૨૦૦૭માં સોનિયાબેન સાથે થયા. તેમને સંતાનમાં બે દિકરીઓ છે.

તેમના માતા રમાબેન તથા પિતા રમેશભાઈ શેલત હાલ અમદાવાદમાં નિવૃત્ત જીવન વિતાવે છે. ઓસ્ટ્રેલિયા અભ્યાસ અર્થે શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.માંથી રૂ. ૫૦૦૦૦/-ની લોન પ્રાપ્ત કરેલ જે સમયમર્યાદા અગાઉ એકી સાથે મંડળીને પરત કરેલ છે. શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.નો આભારી છું.

# શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.-અમદાવાદ

## વિદ્યોતેજક ફંડ રૂ. ૪,૦૦,૦૦૦/-ના દાતા



**સ્વ. કુમુદબેન હરિહરભાઈ ભટ્ટ ઉર્ફે મધુબેન બાપલાલ ઠાકરના સ્મણાર્થે**

**વિદ્યોતેજક ફંડમાં રૂ. ૪,૦૦,૦૦૦/-ની સહાય**

**દાતા - હરિહરભાઈ ભૂપતરાય ભટ્ટ**

સ્વ. કુમુદબેન હરિહરભાઈ ભટ્ટ ઉર્ફે મધુબેન બાપાલાલ ઠાકરનો જ.તા. ૧૫-૦૭-૩૯નાં રોજ સોજીત્રા મુકામે થયો હતો. અમો લગ્નગ્રંથીથી તા. ૯-૫-૬૩ના જોડાયા હતા. તેઓએ તા. ૧-૯-૫૭ થી ૩૧-૧૨-૮૬ સુધી શિક્ષણ વિભાગમાં શિક્ષીકાબેન તરીકે સેવા બજાવી હતી અને બાળકોને ભણાવ્યા હતા અને સંસ્કાર આપ્યા હતા. તેઓએ જીંદગીના લગભગ અડધો અડધ વર્ષ શિક્ષણકાર્ય કર્યું હતું. તે ધ્યાનમાં લઈ તેઓશ્રીના સ્મર્ણાર્થે શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીને વિદ્યોતેજક ફંડ માટે રૂ. ૪,૦૦,૦૦૦/- પૂરા અર્પણ કરૂં છું અને આનંદ અનુભવુ છું.

**લી. હરિહરભાઈ ભૂપતરાય ભટ્ટ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧,૦૦,૦૦૦/-ના દાતા



### સ્વ. કુમુદબેન હરિહરભાઈ ભટ્ટ ઉર્ફે મધુબેન બાપાલાલ ઠાકરના સ્મર્ણાર્થે
### વિશિષ્ઠ સહાય રૂ. ૧,૦૦,૦૦૦/- દાતા હરિહરભાઈ ભૂપતરાય ભટ્ટ

સ્વ. કુમુદબેન હરિહરભાઈ ભટ્ટ ઉર્ફે મધુબેન બાપાલાલ ઠાકરનો જન્મ સોજીત્રા મુકામે તા. ૧૫-૦૭-૧૯૩૯ના રોજ થયો હતો. તેઓએ એસ.એસ.સી. પરીક્ષા પાસ કરી તુરત જ શિક્ષણ વિભાગમાં શિક્ષીકાબેન તરીકે નોકરી સ્વીકારી હતી. તા. ૯-૫-૬૩ના રોજ અમે લગ્નગ્રંથીથી જોડાયા. મારી નોકરીના સ્થળેથી આવજાવ કરી નોકરી સંપન્ન કરી. સાથોસાથ સાસુ-સસરાની સેવા ચાકરી કરી હતી. શિક્ષીકાબેન તરીકે તેઓએ દરેક જગ્યાએ ચાહના મેળવી હતી. તા. ૩૧-૦૯-૫૭ થી ૩૧-૧૨-૮૬ સુધી શિક્ષણકાર્ય કર્યું હતું. મને જે તે વખતે બઢતી મળનાર હોઈ અને બીજા કોઈ મોટા શહેરમાં બદલી થનાર હોઈ તેઓએ ૩૧-૧૨-૮૬ના રોજ સ્વૈચ્છીક નિવૃત્તિ લીધી હતી.

તેઓ એક સારા ભજનીક હતા. ધાર્મિક તેમજ કૌટુમ્બીક પ્રસંગોમાં ઉત્સાહભેર ભાગ લેતા. ઉમરેઠમાં ભાગવતકથા, રામકથા, મહારૂદ્ર યજ્ઞ, વારાહી માતાનો યજ્ઞ, તુલસી વિવાહ કરાવ્યા હતા અને આપણી સંસ્થા દ્વારા થતા ધાર્મિક કાર્યક્રમમાં જેવા કે અતિરૂદ્ર, લઘુરૂદ્ર અને બીજા ઉત્સવોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. વળી કુટુંબીજનો સાથે દ્વારકામાં ધજા ચઢાવી. હરિદ્વારમાં રામકથા કરાવી હતી અને છેલ્લે બદ્રીનારાયણમાં રામકથા શોભાવી હતી. શરીરમાં ઠંડી ભરાઈ ગઈ. ઉમરેઠ પરત આવ્યા. ન્યુમોનીયા થયો ઉમરેઠ જનરલ હોસ્પીટલમાં ખસેડ્યા. પરંતુ ટ્રીટમેન્ટ ચાલુ કરતાં પહેલાં તા. ૩૧-૧૦-૦૭ના રોજ દેહ છોડી દીધો.

તેઓએ ઉમરેઠમાં રહી માધ્યમિક શાળાનું શિક્ષણ લીધું હતું. વળી નોકરી સ્વીકાર્યા બાદ લગ્ન પહેલાં ઉમરેઠમાં રહી કેટલાક ગામોમાં આવજાવ કરી ફરજ બજાવી હતી. તેથી ઉમરેઠના જરૂરીયાત મંદ વ્યક્તિઓ, વિધવા ત્યક્તા બહેનોની દશા નીહાળી હતી. તેઓ બધાને મદદ કરવા ઉત્સુક રહેતા અને આમ પણ દધીચી ઋષીના મંતવ્ય પ્રમાણે આ દેહ મૃત્યુ બાદ કુતરા-શિયાળનું ભોજન બનવાનો છે કે બેહાલ થવાનો છે અને અલ્પ સમય માટે કામ આવે માટે તેની શક્તિ સંપત્તિ ધન અને સગા-વ્હાલાના ઉપયોગ અનુસાર આપણી જ્ઞાતિના જરૂરીયાતમંદ, વ્યક્તિઓ ત્યક્તા વિધવા બહેનોને મદદરૂપ થવા તેમના સ્મર્ણાર્થે રૂ. એક લાખ પુરા વિશિષ્ટ સહાય ફંડમાં અર્પણ કરૂં છું અને આનંદ અનુભવું છું.

**લી. હરિહરભાઈ ભૂપતરાય ભટ્ટ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/–ના દાતા



**સ્વ. પ્રણવ અનિલકુમાર દવે**

જન્મ. ૧૫–૦૭–૧૯૭૫ સ્વર્ગવાસ – ૧૧–૧૨–૨૦૧૭

નિર્દોષ અને બહાદુરીના પ્રતિક સમા પ્રણવભાઈ ધરતી પર આવ્યા હતા અને ચાલ્યા ગયા.

પ્રણવભાઈએ કોમ્પ્યુટરમાં ડી.આઈ.ટી., ડી.ટી.પી. તેમજ અન્ય અભ્યાસ કરેલ. તેમના કારકીર્દીની શરૂઆત પ્રભાત દૈનિકથી કરેલ. બે વર્ષ પછી ગુજરાત સમાચારમાં જોડાયા હતા. દસ વર્ષ સેવા આપી. કોમ્પ્યૂટરમાં ગુજરાતી, હિન્દી અને સંસ્કૃતમાં ફાસ્ટેસ્ટ ફીંગરનું બીરૂદ હાંસલ કરેલ. સાથે સાથે હિતવર્ધક સભાના બાજખેડાવાળનું પ્રકાશન કાર્ય કર્યું. એટલું જ નહી પણ હિતવર્ધક સભા અને વિ.સ.સ. મંડળીના લોગો પણ તેમણે જ બનાવેલા. મહિલા સમાજ મણિનગરની પાંચ ટેલીફોન ડીરેક્ટરીનું પ્રકાશન પણ તેમણે જ કરેલું. તેમજ ઘણા પુસ્તકોનું પ્રકાશન તેમણે કરેલું. તેમના માતા–પિતા આણંદ રહેવા આવતા તેઓ નયા પડકારમાં જોડાયા હતા.

તેમના પિતા અનિલકુમાર એ. દવે (પૂર્વ પ્રમુખ બાજખેડાવાળ વિ.સ.સ.મં., બાજખેડાવાળ પત્રિકાના તંત્રી, હિતવર્ધક સભાના મંત્રી)

તેમના માતા શારદાબેન એ. દવે મહિલા સમાજ મણિનગરના આદ્યસ્થાપક અને હાલના ટ્રસ્ટી છે. તેમની ભાણી ધ્રૂવા મેડીકલમાં અભ્યાસ કરે છે.

તેમણે કુટુંબ ઋણ, સમાજ ઋણ અદા કરી આત્માને દેહથી મૂક્ત કર્યો.

**નિરંજન દવે** **અનિલ દવે : (મો.) ૯૪૦૮૪૨૮૮૩૧**

**મનિષા દવે** **શારદા દવે : ફોન : ૦૨૬૯૨–૨૪૮૮૩૧**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૦૦૧/-ના દાતા



### સ્વ. સુધાબેન જગદીશચંદ્ર દવે - જીવન ઝરમર

સુધાબેનનો જન્મ તા. ૧૪-૧-૧૯૪૦ના રોજ ઉમરેઠ મુકામે માતા શાન્તાબેનની કૂખે થયેલો. પિતાશ્રી અંબાલાલ ચુનીલાલ દવે હાઈસ્કૂલમાં શિક્ષક હતા. તેઓ ટૂંકી માંદગીમાં અવસાન પામ્યા. ચાર દિકરીઓ સાથે માતા નિરાધાર થઈ ગયા હતા.

માતાએ પડિયા-પતરાળા બનાવી દીકરીઓને ઉછેરી. કેટલાક સજ્જનો-શિક્ષકોની મદદથી બહેનો ભણી. માતાને તક મળતાં ટૂંકાગાળાની તાલીમ લઈ ઉમરેઠ મ્યુનિ. દવાખાનામાં આયા તરીકે નોકરી કરી. અભ્યાસમાં સૌ બહેનો હોશિયાર હતી. મોટી બહેન હસુમતિને એસ.એસ.સી. પાસ કર્યા પછી શિક્ષિકાની નોકરી સુણાવમાં મળી. બીજી બહેન સુધા પણ પેટલાદ કન્યા શાળામાં ત્યાંથી મહેળાવ હાઈસ્કૂલમાં અને ત્યાંથી ડાકોર જી.ડી. ભટ્ટ હાઈસ્કૂલમાં નોકરી કરી. નાની બહેનો સુશીલાએ પમ શિક્ષિકાની નોકરી કરી. જ્યારે સૌથી નાની ઉષાને ટેલિફોન ખાતામાં નોકરી મળી.

સુધાનાં લગ્ન જ્ઞાતિ-રિવાજ મુજબ આણંદના જગદીશચંદ્ર ભોગીલાલ દવે સાથે તા. ૧૦-૧૨-૧૯૬૦ના રોજ થયાં. લગ્ન ખૂબ સાદગીથી કોઈપણ પ્રકારની લેવડ-દેવડ વિના કરવાનો વરપક્ષ તરફથી આગ્રહ હતો. વરઘોડામાં પણ બેન્ડવાજાં કે વાહન ન હતાં.

લગ્ન બાદના તા. ૨૩-૦૯-૧૯૬૪ના રોજ પુત્રી ચેતના અને તા. ૧૫-૧૨-૧૯૬૫ના રોજ પુત્રી મુકેશનનો જન્મ થયો. પોતે પણ પતિ-નણંદો અને સાસુબાના સહકારથી આગળ અભ્યાસ કરી બી.એ. અને બી.એડ્. કર્યું. નોકરી પણ પાયોનિયર હાઈસ્કૂલ આણંદ અને કુંજરાવમાં કરી. છેલ્લે બેડવા હાઈસ્કૂલમાં નિવૃત્તિ સુધી શિક્ષિકા તરીકે રહ્યા તે દરમ્યાન એમ.એ. એક્સટર્નલ કર્યું. ૧૯૯૭માં વયનિવૃત્ત થયાં. ત્યારબાદ ઈ.સ. ૨૦૦૬માં મગજમાં અંદરના ભાગે ગાંઠનું નિદાન થયું. તેથી સમયાંતરે સાન-ભાન ગુમાવ્યા અને પથારીવશ થયાં. પતિએ નિષ્ઠાપૂર્વક તેમની સેવા કરી. દવાઓ બિનઅસરકારક રહી. અંતે તા. ૧૫-૬-૨૦૦૭ના રોજ અધિક અષાઢ વદ અમાવસ્યાના દિને તેમણે અંતિમશ્વાસ લીધો. તેમની અગાઉની સંમતિ મુજબ તેમનું દેહદાન ડૉ. દવે હોમિયોપેથિક મેડીકલ કોલેજ, આણંદમાં કર્યું. પ્રભુ તેમના આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રાર્થના.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૦૦૦/–ના દાતા

### સ્વ. અ.સૌ. પ્રવિણાબેન મકરન્દભાઈ દવે

*જન્મ. ૨૦–૦૭–૧૯૫૦* *સ્વર્ગવાસ – ૨૨–૧૨–૨૦૧૭*

*મૂળ ઉમરેઠના વતની અને મદ્રાસ (ચેન્નાઈ)ને પોતાની કર્મભૂમિ બનાવનાર સ્વ. શ્રી રમણલાલ શેલત તથા સ્વ. અ.સૌ. શ્રીમતી હસમુખબેન શેલતના પરિવારમાં ૩ ભાઈઓ અને ૩ બહેનો વચ્ચે સ્વ. અ.સૌ. પ્રવિણાબેનનો જન્મ સને ૧૯૫૦માં થયો હતો. તેણીએ મદ્રાસની શૈક્ષણિક સંસ્થાઓમાં પોતાનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું અને તે કારણથી સ્થાનીક ભાષા તમિળનાં પણ તેઓ જાણકાર હતા.*

*સને ૧૯૭૨માં શ્રી મકરંદભાઈ રમણલાલ દવે સાથે લગ્નગ્રંથીથી જોડાયા બાદ તેણી અમદાવાદ સ્થાયી થયા હતા. અહીં ગૃહિણી અને માતૃત્વની મહત્વની ભૂમિકા નિભાવી હતી. તેમના બે સંતાનો દેવાંગ દવે અને શાલિન દવેનો સફળતાપૂર્વક ઉછેર કરવાની જવાબદારીનું પણ નિર્વહન કર્યું હતું.*

*પાકકળામાં નિપુણ એવા પ્રવિણાબેન બે સંતાનોની માતા હોવા ઉપરાંત સામાજિક કાર્યમાં પણ સક્રિય હતાં. તેઓ લાયન્સ કલબ ઓફ આશાપલ્લી અને વસ્ત્રાપુરના પ્રેસિડેન્ટ તરીકે અનેક વર્ષો સુધી પોતાની સામાજિક જવાબદારી નિભાવતા રહ્યા અને બ્લડ ડોનેશનથી લઈ અપંગ તથા વૃદ્ધજનોની સેવા જેવી અનેક પ્રવૃતિઓમાં સક્રિય રહ્યા હતા.*

*કેન્સરની ટૂંકી બીમારી બાદ તા. ૨૨–૧૨–૨૦૧૭ના રોજ ૬૭ વર્ષની વયે તેમનું નિધન થયું હતું.*

*ઉર્જાની સદા ભરપુર જીવન જીવી જનાર સ્વ.અ.સૌ. પ્રવિણાબેનના સ્મરણાર્થે સહુ પરિવારજનોની અશ્રુભીની શ્રદ્ધાંજલિ.*

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૪૦૦૦/–ના દાતા



### સ્વ. લીલાવતી ઉર્ફે કીકીબેન સુંદરલાલ જોશી

*સ્વ. લીલાવતીબેન જન્મ સુરત મુકામે સ્વ. સોમેશ્વર ઉમીઆશંકર જરીવાલા તથા શિવગંગાબેન સોમેશ્વર જરીવાલાને ઘેર થયો. ધોરણ–૧૦ સુધીનો અભ્યાસ સુરત મુકામે કર્યો. માતા શીવગંગાબેન ૧૫ વર્ષની ઉંમરે ગુજરી ગયા. પરંતુ પિતાએ માતાની ખોટ પડવા દીધી નહીં. તેઓએ ઉપર પિતાનો પ્રેમ અનહદ હતો અને તેઓની સ્થિતિ સારી હતી. તેથી લાડકોડમાં બાળપણ સારી રીતે વીતાવેલ. સને ૧૯૫૩માં તેઓનું લગ્ન ઉમરેઠ મુકામે સુંદરલાલ ઉમીઆશંકર જોશી સાથે થયા. પોતે પીયરમાં સારી રીતે લાડકોડથી વિતાવેલ હોવા છતાં સાસરામાં સારી રીતે અનુકૂળ ૩૮ વર્ષનું લગ્નજીવન આનંદથી અને પ્રેમથી વિતાવ્યું અને મોટા કુટુંબમાં બધા સાથે હળીમળીને રહ્યાં તેઓને સંતાનમાં એક દીકરી ચિ. રોહીણી છે. તેને કાળજીથી બી.એ. તથા લાયબ્રેરી સાયન્સમાં સ્નાતક કરી અને ઘરકામમાં પણ યોગ્ય દોરવણી આપી કુશળ બનાવી. તેઓ શિસ્તના આગ્રહી તથા ધનિષ્ઠ હતા અને કુટુંબના સર્વે સભ્યો સાથે પ્રેમથી હળીમળીને રહેતા.*

*તેઓ ટુંકી માંદગી બાદ તા. ૩૦–૦૯–૧૯૯૦ ગુજરી ગયા.*

*પ્રભુ તેમના આત્માને સ્વાસત શાંતે અર્પે*

*રોહીણી સેલત, ઘનશ્યામભાઈ તથા*

*સમસ્ત શંકર પરીવાર*

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૪૦૦૦/–ના દાતા



### સ્વ. ફુલીબેન ઉર્ફે ડાહીબેન ઉમીઆશંકર જોશી

સ્વ. ફુલીબેનનો જન્મ ઉમરેઠ નીવાસી પણ ભરૂચમાં સ્થાપી થયેલ પિતા સ્વ. શ્રી મણીલાલ રામકૃષ્ણ શેલત તથા માતા જડાવબેન સેલતને ત્યાં ઉમરેઠ મુકામે થયેલ તેઓ અને એક ભાઈ શ્રી નટવરલાલ ભરૂચના નામાંકીત અને વિદ્વાન વકીલ હતા. માતા–પિતા તરફથી નાનપણથી જ ધાર્મિક અને દયાના સ્વભાવના સંસ્કાર મળેલ અને તેથી ખૂબ જ ધાર્મિક દયાવાન અને માયાળુ સ્વભાવના હતા. તેઓના લગ્ન શંકરલાલ ઉર્ફે ઉમીયાશંકર હરીપ્રસાદ જોશી સાથે ઉમરેઠ મુકામે થયેલ. તેઓને સંતાનમાં ચાર દીકરીઓ તથા ત્રણ દીકરા હતા. તેઓએ સંતાનોનો ઉછેર કાળજીપૂર્વક કર્યો. ધર્મ પાળવો સર્વ કોઈપણ ઉપર પ્રેમ અને દયાભાવ રાખવો તથા પોતે દુ:ખ વેઠીને પણ કોઈને મદદરૂપ થવાના સંસ્કાર આપેલ અને તેઓ પણ નાનપણથી તે સઘળા ગુણો અવિરત પાળતા. તેઓના કુટુંબમાં જેઠ દીયેર નણંદ વગેરે કોઈ ન હતું. તેઓ તેઓના જીવનમાં ૨૦ થી ૨૫ સારા માઠા પ્રસંગે એકલા હાથે સારી રીતે ઉકેલેલા અને જીવનપર્યન્ત ખુબ જ મહેનત અને કરકસર કરી સંસાર ચલાવેલ. તેઓ સાત ચોપડી જ ભણેલા છતાં તેઓને ધાર્મિક તેમજ શાસ્ત્રોક્ત જ્ઞાન ઘણું જ હતું. સ્વભાવ એટલો નરમ દયાળુ કે કોઈપણ સંતાનો યા એમના બાળકો ઉપર જીંદગીભર ગુસ્સે થયેલ નહી અને બે શબ્દ પણ કહેલા નહી. મોટુ કુટુંબ હોવા છતાં સર્વે ઘરકામ જાતે કરતા અને ઉપરાંત પડીયા પતરાળા વગેરે કરી કુટુંબને આર્થિક રીતે મદદરૂપ થતા તેઓ તેમના મોટા પુત્રશ્રી મટુભાઈ જોશીના મરણ પછી કન્યાળી (ચાંણોદ) મુકામે એકલા રહી વિદુશીનું જીવન જીવતા એવી વિદુશી માતાને અમારા કોટી કોટી વંદન.

**રમણભાઈ જોશી, સુંદર જોશી તથા સમસ્ત શંકર પરિવાર**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૪૦૦૦/-ના દાતા



### સ્વ. શ્રી ઉમીઆશંકર ઉર્ફે શંકરલાલ હરીપ્રસાદ જોશી

સ્વ. શ્રી ઉમીયાશંકર જોશીનો જન્મ પિતા હરીપ્રસાદ રણછોડભાઈ જોશી તથા માતા શ્રીમતી રૂક્ષ્મણીબેન હરીપ્રસાદને ત્યાં આણંદ મુકામે મોસાળમાં શ્રી કીરપાશંકર હરીશંકર દવે (દાદાને) ત્યાં થયેલ.

તેઓ તેમના માતા-પિતાના માત્ર એક જ સંતાન હતા. તેઓના લગ્ન સ્વ. શ્રી મણીલાલ રામકૃષ્ણ સેલતની દીકરી ફુલીબેન ઉર્ફે ડાહીબેન સાથે થયેલ. તેઓનો અભ્યાસ આઠ ચોપડી સુધી થયેલ. પણ કુશાગ્ર, બુદ્ધિશાળી હતા અને કાયદાઓની આંટીઘુટીમાં કોઈપણ બાબતે એવો રસ્તો કાઢતા કે જેથી સાચા માણસને યોગ્ય ન્યાય મળે તેઓ અભણ અને ગરીબ માણસોને ન્યાય મળે અને આપદા ના પડે માટે મદદ કરતા અને મદદ કરવા જતા કંઈપણ સહન કરવું પડે તે કરતા સ્વભાવે નીડર અને હીંમતવાન હતા તેથી સાચી બાબતે કોઈથી પણ ડરતા નહીં અને સ્વમાનથી જીવન વીતાવેલું તેઓને સંતાનમાં ચાર દીકરીઓ અને ત્રણ દીકરા હતા. તેઓ સૌનો ઉછેર સારી રીતે કરેલ તેઓ બાળકોને ભણાવવા ખુબ જ કાળજી રાખતા અને સૌને જેટલું ભણવું હોય તેટલું ભણાવેલ. બાળકોને કહેતા હતા કે ભણવા માટે તમો કોઈ ચિંતા કરશો નહીં અને ભણાવવા માટે મારા ખેતરવાડી વેચવા પડે તો પણ તમો ભણશો એટલું ભણાવીશ એને સાથે શીખામણ આપતા કે કોઈપણ ખોટ ખર્ચ કરવા નહીં દેવું કરવું નહીં અને કોઈનાથી ડર્યા વગર સ્વમાનથી જીવન જીવવું તેઓશ્રીને વૃક્ષરોપણ કરવાનો ઘણો જ શોખ હતો તેથી તેઓની જમીનમાં આંબા, લીમડા, આમલી વગેરેના વૃક્ષો સઘળી મહેનત જાતે જ કરી ઉછેરાલા.

પોતાના કુટુંબના સઘળા સભ્યો ભાણા-ભાણીઓ વગેરે પણ સારી રીતે ભણે તે માટે ખુબ જ કાળજી રાખતા. સ્વભાવે કડક હોવા છતાં હૃદયથી કોમળ હતા અને તેથી જરૂરતમંદ માણસોને બને એટલી મદદ કરતા.

તેઓએ અમો સૌને સારી રીતે ઉછેરી જીવન ઘડતર અમૂલ્ય ફાળો આપેલ છે અને તે કારણે અમો સૌ કુટુંબજની સુખી છીએ.

સ્વર્ગસ્થને અમારા સૌના કોટી કોટી વંદન. રમણલાલ જોશી, સુંદર જોશી તથા સમસ્ત શંકર પરિવાર.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૪૦૦૦/–ના દાતા



### સ્વ. પદમાબેન જયંતીલાલ જોશી

*સ્વ. શ્રી પદમાબેનનો જન્મ પિતા ચીમનલાલ દયારામ શેલતને ત્યાં થયો તેઓના પિતા ન્યાય ખાતામાં નોકરી કરતા હતા હોવાથી તેઓએ ભરૂચ ગોધરા વગેરે સ્થળ રહી અભ્યાસ કર્યો. તેઓનું લગ્ન જયંતીલાલ ઉર્ફે ગદુભાઈ ઉમીયાશંકર જોશી સાથે ઉમરેઠ મુકામે થયું. સ્વ. જયંતીલાલ જોશીની નોકરી પોષ્ટ ખાતામાં હોવાથી તેઓની બદલી ઘણી જગ્યાએ થઈ હોવાથી, તેઓએ તેમના બે પુત્રો તથા બે પુત્રીઓના ભણતરમાં વિપેક્ષ પડે તેથી તેઓ સંતાનોની બહુ જ કાળજી રાખી છોકરાઓને સારી રીતે ભણાવ્યા. તેઓ સાથે તેઓના દીયરો પણ ભણવા અને નોકરી કરવા રહેતા હતા. તેઓને પણ તેઓ એટલા સારી રીતે પ્રેમથી રાખ્યા કે તેઓને એવું નતું લાગતું કે અમો ભાઈ–ભાભી સાથે રહીએ છીએ. અમારા ભાઈ સને ૧૯૬૯માં નોકરી દરમ્યાન જ ગુજરી ગયેલ. તેઓના બધા સંતાનો અભ્યાસ કરતા હતા. તેઓને પણ સારી રીતે ભણાવી સાયન્સ, આર્ટસ્, લો વગેરેમાં સ્નાતક કર્યા અને દરેકને ઉચ્ચ શિક્ષણ આપ્યું. સ્વ. પદમાબેન પ્રેમાળ, લાગણીશીલ અને સ્વભાવે ખરાવાદી હોવાથી પ્રેમથી દરેકને સાચું કહેતા અને દરેક કુટુંબના સભ્યોને કોઈપણ જાતના વેરાવંચા સિવાય સરખી રીતે રાખતા. પેન્શનની બાંધી આવકમાં કરકસર કરી ઘર ચલાવ્યું અને દરેક સંતાનોને ઉમદા સંસ્કારો આપી કામ ધંધાએ લગાડ્યા અને પુત્રીઓને પણ સારા કુટુંબમાં પરણાવી દરેક વ્યવહારો સારી રીતે કર્યા. તેઓની મોટી ઉંમરે તેમની બંને દેરાણીઓ ગુજરી ગઈ તે વખતે પણ ઘરના વડીલ તરીકેની સઘળી જવાબદારી નિભાવી દીયેરો તથા તેઓના સંતાનોની કાળજી રાખી સારી રીતે સાચવ્યા.*

*આવા પ્રેમાળ વડીલને અમારા સાદર પ્રણામ.*

**જીતેન્દ્ર જોશી, યજ્ઞેશ જોશી તથા સમસ્ત શંકર પરિવાર**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૫૦૦/-ના દાતા



### સ્વ. જયંતીલાલ ઉર્ફે નટુભાઈ ઉમીઆશંકર જોશી

સ્વ. જયંતીલાલ જોશીનો જન્મ પિતા ઉમીઆશંકર હરીપ્રસાદ જોશી તથા ફુલીબેન જોશીને ત્યાં સને ૧૯૩૧માં અષાઢ સુદ ૧૫ને ગુરૂપૂર્ણિમાના દીવસે થયેલ. બાળ કેળવણી ઉમરેઠમાં માધ્યમિક શિક્ષણ ભરૂચમાં તથા અમદાવાદ અને વડોદરામાં ઉચ્ચ શિક્ષણ લઈ બી.એ. થયેલા. પ્રથમ લગ્ન શેલત ત્રંબકલાલ છગનલાલની દીકરી શારદાબેન સાથે થયેલ. પરંતુ થોડા વર્ષના લગ્નજીવન પછી તેઓ ગુજરી ગયેલ. તેઓએ નોકરીની શરૂઆત રેલ્વે મેલ સર્વીસ (આર.એમ.એસ.)થી કરેલ અને બીજા વિશ્વ યુદ્ધ વખતે મીલીટરી સર્વિસમાં જોઈન્ટ થયેલા ત્યાંથી પરત આવ્યા પછી પોસ્ટલ સર્વિસમાં ઈન્સ્પેક્ટર સુપ્રીટેન્ડન્ટ તથા આસી. પી.એમ.જી.ના પદે બઢવી મેળવેલ હતી. નોકરી દરમ્યાન તેઓએ કુટુંબીજનો જ્ઞાતિજનો તથા ગ્રામજનોને લાયકાત પ્રમાણે નાની-મોટી નોકરી અપાવેલ તથા બીજા ખાતામાંઓમાં પણ નોકરી મેળવવા બનતી મદદ કરલે. હીંદ છોડોની ચળવળમાં તેઓએ ભુગર્ભ કાર્યકર તરીકે પણ ભાગ લીધેલ સ્વભાવે તેઓ શાંત, સરળ નમ્ર અને વિવેકી અને પરગજુ હતા અને ધર્મ પ્રત્યે તેઓને ખૂબ જ આસ્થા હતી. પોસ્ટ ખાતની નોકરી ગમે ત્યાં હોય તો પણ તેઓ ડાકોર પુનમ ઉપર રણછોડજીના દર્શને જીવનપર્યન્ત આવતા હતા. કુટુંબમાં તેઓ મોટા પુત્ર હતા તેથી માતા-પિતાની સેવાની તથા કુટુંબના દરેક સભ્યોને કાળજી સારી રીતે રાખેલ તેઓએ કુટુંબને માટે કોઈપણ મોજશોખ કર્યા ન હતો.

નોકરી દરમ્યાન પંચાવન વર્ષની ઉંમરે કેન્સરના રોગથી ગુજરી ગયા ત્યાં સુધી મોઢા ઉપર કોઈપણ જાતના દુ:ખ કે શોકની લાગણી દર્શાવી નથી. તેઓનામાં કોઈપણ જાતનું વ્યસન હતું નહીં. ગાંધીવાદી હોવાથી જીવનમાં ચા કે સોપારી લીધી નથી.

મોટા કુટુંબની જવાબદારી પ્રેમપૂર્વક બજાવી સોને સુખી કરવા પોતે સઘળું જવું કરનાર સંસારમાં રહીને પણ સંત જેવું જીવન જીવનાર અમારા સૌના મોભી અને વડીલને લાખો વંદન.

**જીતેન્દ્ર જોશી, યજ્ઞેશ જોશી તથા સમસ્ત શંકર પરિવાર**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૧,૧૧૧/-ના દાતા



**સ્વ. શ્રી ગીરીષભાઈ (દીનુભાઈ) સોમેશ્વર ભટ્ટ**

*ઉમરેઠ નિવાસી શ્રી ગીરીષભાઈનો જન્મ સ્વ. શ્રી સોમેશ્વર પ્રાણશંકર ભટ્ટને ત્યાં થયો હતો. તેમની માતા સ્વ. હરીગંગાબેન (જોઈતીબેન). તેઓનો સંપૂર્ણ અભ્યાસ અમદાવાદમાં જ થયેલો. એલ.ડી. કોલેજ ઓફ એન્જીનીયરીંગમાંથી સીવીલ એન્જીનીયરનો અભ્યાસ કરી. જી.આઈ.ડી.સી.માં તેમણે પોતાની નોકરીને પૂર્ણ કરી રીટાયર્ડ થયેલ.*

*તેમના લગ્ન ગજેન્દ્રરાય જયશંકર દવેની પુત્રી માલીની સાથે થયેલ. જેઓ ઈન્કમ ટેક્ષમાંથી રીટાયર્ડ થયેલ છે. તેઓના પુત્ર ડૉ. પ્રતિન* DM Gestrountrology *નો અભ્યાસ પૂર્ણ કરી હાલમાં* Dr. Sanjay Rajput *હોસ્પીટલમાં પોતાની સેવાઓ અમદાવાદ ખાતે આપે છે. તેઓના પુત્રવધુ* Dr. Tejal M.D. (Pothology) *જીવરાજ મહેતા હોસ્પીટલમાં કાર્યરત છે.*

*તેઓની પુત્રી મૈત્રી મૌલિકભાઈ સાથે લગ્નગ્રંથિથી જોડાઈ અમદાવાદમાં સ્થાયી થયેલ છે. મૌલિકભાઈ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી કરી રહ્યા છે. હાલમાં સુકો મેવા, નામથી ડ્રાયફ્રુટ, ડી હાઈડ્રેટેડ, ડી હાઈડ્રેટેડ ફ્રુટ, એડીબલ સીડનો બિઝનેસ અમદાવાદમાં કરે છે.*

*તેઓના સમગ્ર પરિવાર તરફી વિશિષ્ટ સહાય ફંડમાં રૂ. ૧૧,૧૧૧/- મળેલ છે.*

## શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી

દવે માણેકજી બેચરજી બાજખેડાવાળ છાત્રાલય, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર, વલ્લભ
વિદ્યાનગર-૩૮૮૧૨૦, તા. જી. આણંદ. (મો.) ૯૨૬૫૯૦૭૬૬૦

જય ભારત સાથે જણાવવાનું કે ચાલુ સાલે બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી દ્વારા 'બાકોર' મુકામે જુનો પંચમહાલ ડીસ્ટ્રીક્ટ નવો મહીસાગર મુકામે એજ્યુકેશન સોસાયટીના આજીવન સભ્યોના બાળકો કે જેમની ઉંમર ૧૨ થી ૧૮ વર્ષ હોય તેવા લોકો પુરતો અથવા જેની ઉંમર ૧૮ થી ૩૫ વર્ષની વચ્ચે હોય અને બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીના આજીવન સભ્ય હોય તેવા સભ્યો પુરતી મર્યાદીત આ ટ્રેકીંગ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

(૧) ટ્રેકીંગ કેમ્પની રકમ રૂા. ૩૦૦૦/- ભરવાની રહેશે. જે તે વ્યક્તિ કેમ્પ પુરો કરશે ત્યારે તે જ દિવસે રૂ. ૨૦૦૦/- પરત આપવામાં આવશે. (અગાઉ લોકો નામ લખાવી આવતા ન હોવાથી સંસ્થાએ નુકશાન ન થાય તેવા શુભઆશયથી પુરેપુરી રકમ લેવામાં આવે છે.) (૨) આ ફોર્મ તથા રકમ સંસ્થાની ઉપરોક્ત ઓફીસે આવી રોકડેથી ભરવાની રહેશે. ફોર્મ તથા રકમ ભરવાની છેલ્લી તારીખ ૧૦-૦૨-૨૦૧૮ રહેશે. (૩) કેમ્પ ફેબ્રુઆરીની તા. ૨૨ના રોજ શરૂ થઈ તા. ૨૪ના રોજ પૂર્ણ થશે. ઉપરોક્ત આયોજનમાં જવા આવવાની સગવગ સાથે રહેશે. (૪) કેમ્પ દરમ્યાન શારીરિક નુકશાનની જવાબદારી સંસ્થાની રહેશે નહીં. (૫) કેમ્પ દરમ્યાન સવારનો ચા-નાસ્તો, બપોરનું ભોજન તથા રાત્રી ભોજન આપવામાં આવશે (૬) તા. ૨૨-૨-૨૦૧૮ના રોજ સવારના ૫.૦૦ વાગે છાત્રાલયથી નીકળી તા. ૨૪-૨-૨૦૧૮ના રોજ છાત્રાલય રાત્રે ૯.૦૦ વાગે પરત ફરશે.

**ખાસ નોંધ -**

ચાલુ સાલે સંસ્થાના આજીવન સભ્યો સીવાયના જ્ઞાતીજનોને જો આવવાનો રસ હોય તો રૂ. ૩૦૦૦/- પુરા ભરવાના રહેશે. ઉપરોક્ત તમામ રકમો બીજાના નામે ટ્રાન્સફર થશે નહી કે પરત આપવામાં આવશે નહીં.

કેમ્પના નિયમોને વળગી રહેવાની તૈયારી સાથે આવવાનું રહેશે. કેમ્પ કુદરતના સાનીધ્યમાં હોવાથી તેનો આનંદ માણવાનો રહેશે.

આપશ્રીને વિનંતી કરવાની કે સમય ઓછા હોવાથી આપના જરૂરી પ્રચાર માધ્યમથી આ માહિતી આપના ગામના જ્ઞાતિજનોને પહોંચાડશો જેથી વધુ વ્યક્તિ લાભ લઈ શકે.

**અનિલભાઈ ઠાકર** — **પ્રમુખશ્રી**
**કિરીટકુમાર દવે** — **મંત્રીશ્રી**

**સર્વે કારોબારી સભ્યશ્રીઓ**

---

## શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદ

શ્ર બાજખેડાવાળ અતિથિ ગૃહ , આઝાદ મેદાન, આણંદ-૩૮૦૦૦૧ (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

**સુજ્ઞ જ્ઞાતિજનો**

ખુશ ખબર....ખુશ ખબર....

જય ભારત સાથે જણાવવાનું કે શ્રી બાજખેડાવળ મંડળ આણંદના કારોબારી સભ્ય શ્રી રાજેશભાઈ પીનાકીનપ્રસાદ દવે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના આગામી પ્રમુખ તરીકે વરણી થવાના છે તેમના પ્રમુખ પણા હેઠળ આગામી ૩૧મું રાષ્ટ્રીય અધિવેશન

તા. ૩૦–૧૨–૨૦૧૮ના રોજ આશાપુરી માતા મંદિર પીપળાવ મુકામે યોજાનાર છે. જે આપણા માટે આનંદ તથા ગૌરવની વાત છે.

બાજખેડાવાળ મંડળ આણંદના આજીવન સભ્યને આ અધિવેશનમાં ભાગ લેવા માટેનું આમંત્રણ પાઠવવામાં આવે છે. અધિવેશનમાં પ્રવેશ માટે ટોકન રૂ. ૬૦/– રાખવામાં આવેલ છે. પરંતુ શ્રી બાજખેડાવાળ મંડળ આણંદના કારોબારી સભ્ય દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ પ્રથમ ૨૦૦ પાસ વહેલા તે પહેલાના ધોરણે બાજખેડાવાળ મંડળ, આણંદના આજીવન સભ્ય કે જેઓ પોતાનું આજીવન સભ્ય કાર્ડ લઈને આવશે તેઓને વધુમાં વધુ (૨) પાસ વિના મૂલ્યે આપવામાં આવશે. તા. ૧–૩–૨૦૧૮થી પાસનું વિતરણ શરૂ થશે ૨૦૦ પાસ પુરા થયેથી વધારાના પાસના રૂ. ૬૦/– ચુકવવાના રહેશે. આપ અચૂક આ લાભ સમયસર મેળવી લેશો.

**૨૭મો સમૂહ જનોઈ**

શ્રી બાજખેડાવાળ મંડળ આણંદ દ્વારા તા. ૧૮–૦૨–૨૦૧૮ના રોજ બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન ખાતે સમૂહ જનોઈનું આયોજન કરવામાં આવેલ છે. વહેલા તે પહેલાના ધોરણે બટુકો નોંધવામાં આવશે. ૭ થી વધુ સંખ્યામાં બટુકો લેવામાં આવશે નહીં. જેની નોંધ લઈ સંસ્થાની ઓફિસે સંપર્ક સાધવો.

**મેઘા મેડીકલ ચેક–અપ કેમ્પ**

